ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# આવતીકાલે ભગવાન જગન્નાથ નગરની પરિક્રમાએ

## ગાંધીનગરની રથયાત્રા પંચદેવ મંદિરથી સવારે નિકળી દિવસભર શહેરના વિવિધ માર્ગો પર ફરશે : ઠેર ઠેર રથયાત્રાનું સ્વાગત કરાશે : અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ-એમ્બ્યુલન્સ ખડેપગે હાજર રહેશે

ગાંધીનગર, તા. ૨૭

અષાઢી બીજે નિકળનારી પરંપરાગત ભગવાન જગન્નાથની રથયાત્રાને લઈ ગાંધીનગરમાં પણ ભાવિકો દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવાઈ છે. જેમાં નગરના વેપારીમંડળ, વિવિધ સામાજિક સંસ્થાઓ અને ભાવિકો સ્વૈચ્છિક રીતે જોડાઈ રહ્યા છે. શહેરના પંચદેવ મંદિરે જગતના નાથ ભગવાન જગદીશ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાના શાહી રથને શણગારવાનું શરૂ થઈ ગયું છે. જ્યારે પ્રસાદ માટે કઠોળની પણ સાફ સફાઈ કરવામાં આવી રહી છે.


(તસવીર : દિપક જાની)

બીજી તરફ ભગવાનના મોસાળ સે. ૨૯માં મોસાળીયાઓએ તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. પરંપરાગત રીતે રથમાં સવાર થઈ ભગવાન નગરચર્યાએ નીકળી રહ્યા છે ત્યારે નગરજનોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે.

રથયાત્રા ભારતીય લોક સંસ્કૃતિનું આગવુ પ્રતિક છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી ૨૯મીએ રવિવારે સવારે જગન્નાથ ભગવાન, બલદેવજી અને સુભદ્રાજી રથમાં સવાર થઈને નગરચર્યા માટે નિકળશે. આ રથયાત્રાને અગ્રણી નગરજનોની ઉપસ્થિતિમાં ભગવાનની આરતી કર્યા બાદ પ્રસ્થાન કરાવાશે. ત્યાર બાદ આ રથયાત્રા દિવસભર નગરના વિવિધ માર્ગો અને સેક્ટરોમાં ફરશે. બપોરના સમયે આ રથયાત્રાનું સે. ૨૯માં જલારામ મંદિર ખાતે સ્વાગત કરાશે. અહીં મોસાળુ ભરાશે અને ભાવિક ભક્તોને પ્રસાદ ભોજન અપાશે. વિરામ બાદ ફરીથી રથયાત્રા નગરના માર્ગો પર નીકળી પડશે. જ્યાં ઠેર ઠેર તેનું સ્વાગત કરાશે. સાંજે આ રથયાત્રા નિજ મંદિરે પરત ફરશે.

રથયાત્રાનું સવારે ૮.૦૦ વાગે સેક્ટર-૧૬ ખાતે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખની બહેનો અને બ્રહ્મસમાજના ભાઈઓ દ્વારા વિદ્યાલયબ્રોરી પાસે આવેલ બ્રહ્મભવન આગળ સ્વાગત કરશે. આ પહેલા સેક્ટર-૨૨ના વેપારી એસોસીએશન દ્વારા સવારે ૭.૦૦થી ૭.૩૦ વાગ્યા દરમ્યાન સ્વાગત અને પૂજા કરાશે. આ વેપારી એસોસીએશન દ્વારા ઉત્સવમાં જોડાવા સે. ૨૨ના તમામ વેપારીઓ અને વસાહતી ભાઈ-બહેનોને અપીલ કરવામાં આવી છે. પરંપરાગત રીતે નીકળતી આ રથયાત્રાનું સેક્ટર-૬-બી સ્વામીનારાયણ ધામ પાસે કનુભાઈ દવે દ્વારા સિદ્ધરાજના સમયની યાદ અપાવે તે રીતે 'કાંસ્યની થાળીનો રણકાર' કરીને સ્વાગત કરાશે. સેક્ટર-૨૩માં સાંજે ૬ વાગે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા કડી સ્કૂલના ચોક પાસે ભવ્ય સ્વાગત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ બ્રહ્મસમાજ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

### મુસ્લીમ સમાજ રથયાત્રાનું સ્વાગત કરશે

ગાંધીનગરમાં પરંપરાગત રીતે નિકળનારી રથયાત્રાનું સ્વાગત મુસ્લિમ સમાજ દ્વારા વર્ષોથી કરવામાં આવે છે ત્યારે આ વર્ષે પણ શહેરમાં નિકળનારી રથયાત્રાનું સેક્ટર-૨૮ પ્રવેશદ્વારે મુસ્લીમ સમાજ દ્વારા સ્વાગત કરવામાં આવશે. આ પ્રસંગે રથયાત્રામાં ઉપસ્થિત મહંત ફુલશંકર શાસ્ત્રીજી અને ધારાસભ્ય અશોક પટેલનું સ્વાગત પણ કરવામાં આવશે. આ પ્રસંગે મુસ્લીમ સમાજના અગ્રણીઓ દરિયાખાન સિપાઈ, બાબુભાઈ મનસુરી, ઈયાનઅલી સૈયદ, હુસેનભાઈ મનસુરી, મહમદ હુસેન મેમણ, આઝાદ મનસુરી ઉપસ્થિત રહી કોમી એકતા સદ્ભાવના અને ભાઈચારાનો સંદેશ પુરો પાડવામાં આવશે.

### રથયાત્રા પસાર થયા બાદ થયેલી ગંદકી સાફ કરીને ભારત વિકાસ પરિષદ આ ઉત્સવ મનાવશે

અષાઢી બીજનો ઈંતજાર કોને ન હોય. આ દિવસે ભગવાન જગન્નાથ તેમના ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે રથમાં બેસીને ભક્તોને દર્શન આપવા નીકળે છે, ત્યારે ભક્તોના ઉલ્લાસ અને આનંદનું તો પુછવુ જ શુ? જો પુરીના રાજા તેમજ અમદાવાદમાં રાજ્યના મુખ્યમંત્રી પણ ભગવાનના રથનો માર્ગ સાવરણી લઈને સાફ કરતા હોય તો આપણે પણ રથયાત્રા પસાર થયા બાદ રસ્તા પર છોડી દેવાયેલા પાણીના પાઉચ, આઈસ્ક્રિમના કપ, ડીશો કે ગ્લાસ વગેરે કચરાને દૂર કરી 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ની મહેંકતા રેલાવી શકીએ. ભારત વિકાસ પરીષદ દ્વારા આ વર્ષે રથયાત્રા માર્ગ પર યાત્રા પસાર થયા બાદ થતી ગંદકી દૂર કરીને સફાઈ અભિયાન દ્વારા અનોખી રીતે રથયાત્રાના ઉત્સવને ઉજવવાનું આયોજન કરાયું છે. આ અંતર્ગત ભારત વિકાસ પરિષદ સવારે ૯.૦૦ કલાકે ઘ-૨ સર્લથી સે. ૭ શોપીંગ સેન્ટર સુધીના માર્ગની રથયાત્રા પસાર થયા બાદ સફાઈ કરશે. આ કાર્યમાં સહયોગી બનવા નગરજનોને મંત્રી મુકેશ રાવલ અને સંયોજિકા સુધાબેન પટેલનો સંપર્ક કરવા જણાવાયુ છે.

# જીલ્લામાં સ્ટુડન્ટ કેડેટ્સ કોર્ષ શરૂ કરાયો

## એન.સી.સી. સમકક્ષ આ કોર્ષમાં પોલીસ શાળાના વિદ્યાર્થીઓને એક અઠવાડિયામાં ૮ કલાક પ્રશિક્ષણ આપશે : દરેક પોલીસ સ્ટેશન પોતાના વિસ્તારની બે શાળાઓ પસંદ કરશે



ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જીલ્લાના દરેક પોલીસ સ્ટેશનમાં હવે એન.સી.સી સમકક્ષ કહી શકાય તેવા એસ.સી.સી (સ્ટુડન્ટ કેડેટ્સ કોર્ષ) શરુ કરવામાં આવ્યો છે. પોલીસ સ્ટેશનના અમલદાર તેમના વિસ્તારમાં આવતી કોઈ પણ બે શાળાઓ પસંદ કરશે અને તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વાલીની સંમતિથી આ કોર્ષમાં સમાવશે. પેથાપુર પોલીસે આ કોર્ષ અંતર્ગત પ્રાથમિક તબક્કે ૩૦ જેટલા વિદ્યાર્થીઓને આવરી લીધા છે. બાળકો પોલીસની કામગીરી સમજે અને ભવિષ્યમાં મદદરૂપ થવા ઉપરાંત સારા નાગરિક બને તે હેતુથી આ કોર્ષ શરુ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જીલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં આ કોર્ષ શરુ કરવામાં આવ્યો છે. પોતાના વિસ્તારની કોઈ પણ બે શાળાઓની પસંદગી કરીને પોલીસ અમલદાર તે શાળાઓના નક્કી કરેલા તથા વાલીની સંમતિ મેળવેલા વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ કેડેટ્સ કોર્ષમાં સમાવશે. પોલીસની ખરડાયેલી છાપ સુધરે અને પોલીસની સાચી કામગીરી અંગે વિધાર્થીઓ સમજે, જાણે અને ભવિષ્યમાં સારા નાગરિક બનીને ગુનાખોરી અટકાવવા કે આરોપીઓ પકડવા મદદરૂપ થાય

● અનુસંધાન પાન-૭ પર

# સનદી અધિકારીઓ ૩૧/૮ સુધી રજા પર નહિ જઈ શકે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતમાં વરસાદ ખેંચાતા તેમજ વિધાનસભાના બજેટસત્રને ધ્યાનમાં રાખી રાજય સરકારે ૩૧-૮-૨૦૧૪ સુધી સનદી અધિકારીઓને અનિવાર્ય કારણો સિવાય રજા પર નહિ જવા માટે જણાવ્યું છે.

મંગળવારથી રાજયના વિધાનસભાનું અંદાજપત્ર શરૂ થઈ રહ્યું છે તો બીજી તરફ વરસાદ ખેંચાતા ઉભી થઈ રહેલી પરિસ્થિતિને ધ્યાને રાખી રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આ નિર્ણય લીધો છે.

બધા જ સનદી અધિકારીઓને આની જાણ પણ કરી દેવામાં આવી છે. જિલ્લાના અધિકારીઓને પણ વડુ મથક ગાંધીનગરની મંજુરી સિવાય છોડવું નહિ તેવું જણાવવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

સચિવાલયના સૂત્રો આ સૂચનાને પ્રણાલિ તરીકે લેખાવી રહ્યા છે. જો કે પ્રશ્નોત્તરી અને અંદાજપત્ર સત્રની ગંભીરતાને ધ્યાને રાખી આ સૂચનાઓ આજે જ જારી કરવામાં આવી છે.

# અધિક મુખ્ય સચિવ રાજેશ કિશોર માનવ અધિકાર પંચના ડાયરેક્ટર જનરલ નિમાયા

ગાંધીનગર, તા. ૨૭

રાજય સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સસિવશ્રી રાજેશ કિશોરની રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના ડાયરેક્ટર જનરલ તરીકે પસંદગી થઈ છે અને તેઓ હવે ટૂંકમાં દિલ્હી પ્રતિ નિયુક્તિ પર જશે.



શ્રી રાજેશ કિશોરની પસંદગી ગઈ કાલે દિલ્હીમાં મળેલ પસંદગી સમિતિની એક બેઠકમાં કરવામાં આવી હતી. ૧૯૮૦ની બેચના સનદી અધિકારી શ્રી કિશોર અધિક મુખ્ય સચિવ તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેઓ ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે તેમજ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના સીઈઓ તરીકે પણ પ્રશંસનીય સેવાઓ આપી ચુકયા છે.

શ્રી કિશોરે જી.એસ.એફ.સી. વડોદરા તેમજ અમરેલી અને સુરેન્દ્રનગરના કલેકટર તરીકે પણ સેવાઓ બજાવી ચુકયા છે. એમ.એસ.સી. સુધીનો અભ્યાસ ધરાવતા શ્રી કિશોરે આઈઆઈએમ-અમદાવાદમાંથી ડિપ્લોમાની ઉપાધિ પણ મેળવી છે. આ ઉપરાંત સોશ્યલ ડેવલપમેન્ટ વિષયને લઈ યુનિ. ઓફ વેલ્સની ડિગ્રી પણ મેળવી છે.

# ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ જોગ

ગાંધીનગર, તા.૨૭

વિજ્ઞાન પ્રવાહ ત્રીજું સેમેસ્ટર જુલાઈ ૨૦૧૪ની રેમેડીયલ પરીક્ષા ૧૦થી ૧૨ જુલાઈના રોજ યોજાશે. જયારે વિજ્ઞાન પ્રવાહ ચોથું સેમેસ્ટર જુલાઈ ૨૦૧૪ની રેમેડિયલ પરીક્ષા ૧૩ થી ૧૫ જુલાઈએ યોજાશે. ધો-૧૨ સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત માધ્યમ અને વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષા ૧૦થી ૧૩ જુલાઈએ યોજાશે.

એકેડેમી ફોર એક્સલન્સ

GPSC I/IIના રાહત દરના તાલીમ વર્ગો

બ્રહ્મભવન ખાતે તા. ૧/૭/૨૦૧૪થી GPSC I/IIની આગામી સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ વર્ગો શરૂ કરવામાં આવનાર છે.

શુલ્ક : રૂ. ૭૫૦૦/-

સમય ગાળો : ૩ મહિના

રસ ધરાવતા તમામ જ્ઞાતિના વિદ્યાર્થીઓએ સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટની નકલ અને બે પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે રૂબરૂ મળો અને વધુ માહિતી મેળવવા માટે સંપર્ક કરો. પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે.

સ્થળ : બ્રહ્મભવન, સેક્ટર-૧૬

# અર્બન બેન્કની ચૂંટણીને લઈ નગરમાં રાજકીય માહોલ જામ્યો

## ઉદ્યોગપતિઓ, વેપારીઓ, બિલ્ડરો, કોર્પોરેટર સહિતના ઉમેદવારોએ ચૂંટણી જંગમાં જંપલાવ્યુ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર રાજ્યનું પાટનગર હોવાથી રાજકીય ગાડીઓ વધારે દોડે છે. ૧૬મી લોકસભાની ચૂંટણીના નગારાના પડધમ હજુ પણ કાનમાં સંભળાય છે. ત્યારે શહેરમાં બીજી એક ચૂંટણી આવીને ઉભી થઈ ગઈ છે. આગામી ૨૯ જૂનના રોજ નગરમાં અર્બન કો.ઓ. બેંક લિ. ચૂંટણી યોજાનાર છે. ત્યારે નગરનો માહોલ ફરીથી ચૂંટણીભય બની ગયો છે.

ધી ગાંધીનગર અર્બન કો.ઓ. લિ.ની ચૂંટણીના નગારા વાગી ચૂક્યા છે. ઉમેદવારો દ્વારા બેન્કના સભાસદોને પોતાના તરફી મત આપવા માટે સમજાવાવમાં આવી રહ્યા છે. કાળઝાળ ગરમીમાં પણ ઉમેદવારો જીતવા માટે અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. ચૂંટણીમાં વિકાસ પેનલ અને પરિવર્તન દ્વારા સીધો જંગ ખેલાઈ રહ્યો છે.

શહેરના રાજમાર્ગો પર ચૂંટણીનો ગરમાવો જોવા મળી રહ્યો

● અનુસંધાન પાન-૭ પર

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK500 TMT BARS - ISI | BENELAVE BATH FITTINGS | DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લી., સેક્ટર-૨૧, ગાંધીનગર

વિકાસ પેનલ

"આપનો સહકાર બેંકનો વિકાસ"

| ક્રમ | ફોટો | ઉમેદવારનું નામ | | ક્રમ | ફોટો | ઉમેદવારનું નામ | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | પટેલ અશોકકુમાર ચતુરભાઈ<br>ડાયરેક્ટર શ્રી(કે.અશોકકુમાર શ્રોફ), MRF ટાયર - સે.-૫ | | ૯ | | પટેલ પ્રકાશભાઈ રામભાઈ<br>ડીરેક્ટરશ્રી, બિલ્ડર્સ અને ગાંધીનગર મહાનગરપાલિકા કાઉન્સીલર | |
| ૨ | | પટેલ કાલીદાસ વિઠ્ઠલભાઈ<br>પૂર્વ ચેરમેનશ્રી - સ્થાપક ડીરેક્ટર શ્રી, અંબિકા ટ્રેડર્સ, સે.-૨૨ | | ૧૦ | | પટેલ પરસોત્તમભાઈ માધવલાલ<br>પૂર્વ મેનેજીંગ ડીરેક્ટરશ્રી સ્થાપક ડિરેક્ટરશ્રી | |
| ૫ | | પટેલ ચંદુભાઈ હરીભાઈ<br>મેનેજીંગ ડીરેક્ટર, નવદીપ માર્બલ, સે.-૨૮ | | ૧૧ | | પટેલ પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ<br>ડીરેક્ટરશ્રી | |
| ૬ | | પટેલ ડાહ્યાભાઈ ત્રિભોવનભાઈ(ડી.ટી.પટેલ)<br>બેંકના સ્થાપક મેનેજીંગ ડીરેક્ટરશ્રી તથા હાલના ચેરમેન શ્રી | | ૧૨ | | પટેલ પ્રહલાદભાઈ શંકરભાઈ (પીટર)<br>ડીરેક્ટરશ્રી, લક્ષ્મી ટ્રેડર્સ- સે.-૨૨ | |
| ૭ | | પટેલ નટુભાઈ રામાભાઈ<br>ડીરેક્ટરશ્રી તથા નિવૃત ના.કા.ઈ.શ્રી.મા.મ.વિભાગ | | ૧૩ | | પટેલ બીપીનભાઈ વિઠ્ઠલભાઈ<br>વાઈસ ચેરમેન (મુકેશ ટ્રેડલીંગ પ્રા.લી. સે.-૧૧) | |

શ્રી ગિરીશચંદ્ર તારાચંદભાઈ ઝાટકીયા વિકાસ પેનલને સમર્થન જાહેર કરે છે.

દરેક સભાસદે ૧૦ મત આપવા ફરજીયાત છે. ● મતદાન માટે બેંક દ્વારા આપવામાં આવેલ ઓળખ કાર્ડ અથવા કોઈપણ ફોટો આઈ.ડી. સાથે લાવવું ફરજિયાત છે.

તારીખ : ૨૯-૬-૨૦૧૪, સમય : સવારે ૮ થી સાંજે ૫ કલાક ● ચૂંટણી સ્થળ : સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૨૧, અપના બજાર પાછળ, ગાંધીનગર

Y.A. MANSURI
M. : 9824049503

SANJAY S. SHAH
P. Manubhai Medical

Since 1986
अभय
Government Approved Contractor

• Corporate Gathering • Celebrations • Marriage • Exhibitions • Reception • Parties • Seminars

ABHAY DECORATORS
FEEL FREE. BE FEARLESS

CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators, www.abhaydecorators.com

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY
Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com